### વડોદરા કમિશનરની ઓચિંતી મુલાકાતે પોલ ખોલી

# ડે.કમિશનરે સફાઈ કરાવી, વોર્ડ ઓફિસરે તમાશો જોયો

**વોર્ડ નંબર** ૧૩-૧૪ના ઓફિસરની નિષ્ક્રિયતા ચર્ચાની એરણે



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ ગાંધીનગર ગૃહ ખાતે ચાલી રહેલા ડ્રેનેજ પ્રોજેક્ટની ઓચિંતી સ્થળ મુલાકાત લેતા પાલિકા તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. કમિશનરના આ અચાનક રાઉન્ડને પગલે પાલિકાના તમામ ઉચ્ચ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. કમિશનરની નજરે તંત્રની કોઈ ખામી કે બેદરકારી ન ચઢે તે માટે વિવિધ જગ્યાઓ પર ઉતાવળે સફાઈ અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું હતું. જોકે, આ કવાયત દરમિયાન પાલિકાના અધિકારીઓની આંતરિક કામગીરી અને શિસ્તની એક ચોંકાવનારી તસવીર સામે આવી છે, જે હાલ પાલિકાના ગલિયારાઓમાં ભારે ચર્ચાનો વિષય બની છે. ગાંધીનગર ગૃહ પાસે આવેલા બાગ નજીક કચરા અને ગંદકીના ગંજ ખડકાયેલા હતા. નિયમ મુજબ આ ગંદકી દૂર કરવા માટે વોર્ડ સ્તરના અધિકારીઓ અને કર્મચારીઓ સક્રિય હોવા જોઈતા હતા, પરંતુ અહીં સાવ ઉલટું ચિત્ર જોવા મળ્યું હતું. વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર સુરેશ તુવેર પોતે આગળ આવીને, સ્થળ પર રૂબરૂ ઊભા રહીને સફાઈ કામગીરી કરાવતા નજરે પડ્યા હતા. આ આખી ઘટનામાં સૌથી વધુ આશ્ચર્યજનક અને આંચકાજનક બાબત એ રહી કે, જે સફાઈ અને વ્યવસ્થા જાળવવાની મૂળભૂત જવાબદારી જે-તે વોર્ડના ઓફિસરની હોય છે, તે વોર્ડ નંબર ૧૩-૧૪ના ઓફિસર મહેશ રબારી ત્યાં હાજર હોવા છતાં નિષ્ક્રિય રહ્યા હતા. વોર્ડ ઓફિસર મહેશ રબારી પોતાના ઉચ્ચ અધિકારી એટલે કે ડેપ્યુટી કમિશનરની સામે જ હાથ પર હાથ ધરીને મૂકપ્રેક્ષક બની તમાશો જોતા ઊભા રહ્યા હતા. જ્યારે ડેપ્યુટી કમિશનર કક્ષાના ઉચ્ચ અધિકારી જાતે રસ લઈને શ્રમદાન જેવી કામગીરી કરાવી રહ્યા હોય, ત્યારે કનિષ્ઠ અધિકારી એટલે કે વોર્ડ ઓફિસરની આવી આરામ ફરમાવવાની, બિનજવાબદાર અને નિષ્ક્રિય રહેવાની નીતિથી અનેક સવાલો ઊભા થયા છે. કમિશનરની ગંભીર મુલાકાત વખતે જ વોર્ડ ઓફિસરની આ પ્રકારની આળસ અને લાપરવાહી કેમેરામાં કેદ થઈ જતાં હવે તંત્ર દ્વારા તેમની સામે કોઈ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે કે કેમ, તેના પર સૌની નજર મંડાયેલી છે.

### આગામી સપ્તાહમાં વધુ ૩ મહત્ત્વના કામો આટોપી લેવા આદેશ

# ચોમાસા વચ્ચે વડોદરા મ્યુનિસિપલ કમિશનર ગ્રાઉન્ડ ઝીરો પર પહોંચ્યા



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 વડોદરા શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન નાગરિકોને પાણી ભરાવાની કે અન્ય હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના મ્યુનિસિપલ કમિશનર એક્શન મોડમાં આવ્યા છે. ચોમાસાની પ્રગતિ વચ્ચે શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ચાલી રહેલા ડ્રેનેજ અને સ્ટ્રોમ વોટર નેટવર્કના કામોની સ્થિતિની સમીક્ષા કરવા માટે કમિશનરે રૂબરૂ મુલાકાત લીધી હતી. કમિશનરે ગ્રાઉન્ડ ઝીરો પર જઈ ચાલી રહેલી પ્રક્રિયાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું અને અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી કામગીરીમાં વેગ લાવવા કડક સૂચનાઓ આપી હતી. મ્યુનિસિપલ કમિશનરે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વડોદરા શહેરને ડ્રેનેજ અને એસટીપી લાઈનો સાથે જોડવા માટે તેમજ સ્ટ્રોમ વોટર ડ્રેનેજની સુવિધા સુદ્રઢ કરવાના હેતુથી ગયા વર્ષે વ્યાપક સ્તરે અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સમગ્ર શહેરમાં આશરે ૭૧થી વધુ મોટા કામો મંજૂર કરીને હાથ ધરવામાં આવ્યા હતા. આ પૈકી અગાઉ બાકી રહેલા ૪૯ કામોમાંથી ૧૯ જેટલા મહત્વના કામો વહીવટી તંત્ર દ્વારા ચોમાસું શરૂ થાય તે પહેલાં જ યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે, જેથી ચોમાસા દરમિયાન જે તે વિસ્તારોમાં સ્થાનિક લોકોને મોટી રાહત મળી રહેશે. કમિશનરે વધુમાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે શહેરમાં અન્ય ૩ જેટલા મોટા કામો પ્રગતિ હેઠળ છે. મેડિકલ કોલેજ સામેના જે મુખ્ય માર્ગ પર લાંબા સમયથી કામગીરી ચાલતી હોવાથી રસ્તો બંધ હતો, ત્યાં સ્થાનિક રહીશો અને લોકપ્રતિનિધિઓની વ્યાપક રજૂઆતો અને માગણીઓને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે. અહીં નિયત કરાયેલા ૭૫૦ મીટરના ડ્રેનેજ નાખવાનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને બંધ રસ્તાને નાગરિકોની સુવિધા માટે તાત્કાલિક ધોરણે ખોલી દેવા પીલ વિઝિટ દરમિયાન સૂચના અપાઈ છે, જ્યારે બાકીનું ૩૫૦ મીટરનું કામ ઓગસ્ટ મહિનો પૂર્ણ થયા બાદ હાથ ધરવામાં આવશે.

### આરોપીનો મોબાઇલ રીકવર કરીને સીડીઆર માટે FSLમાં મોકલાયો

# વાઘોડિયા ચોકડી ફાયરિંગ કેસ: આરોપીઓને સાથે રાખી સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કરાયું

**OLX પરથી** રૂ. 7 હજારની બાઈક ખરીદી વડોદરા આવ્યા હતા

**બાઈક વડોદરા** રેલવે સ્ટેશનના પાર્કિંગમાં મૂકી બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ વાઘોડિયા ચોકડી ખાતે ગારમેન્ટ્સના વેપારી આશીષકુમાર બાકોલીયા પર થયેલા ફાયરિંગ કેસમાં ઝડપાયેલા બે આરોપીઓના આઠ દિવસના રિમાન્ડ દરમિયાન વડોદરા ગ્રામ્ય પોલીસે ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કર્યું છે. સાથે જ આરોપીના મોબાઈલને FSLમાં મોકલી મહત્વના પુરાવા મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરા ગ્રામ્ય પોલીસે વાઘોડિયા ચોકડી ફાયરિંગ કેસમાં કોન્ટ્રાક્ટ કિલિંગનો પર્દાફાશ કરી છત્તીસગઢના દુર્ગમાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે બંને આરોપીઓએ ઘટનાને અંજામ આપતા પહેલા અનેક વખત વડોદરા આવી વેપારીની રેકી કરી હતી.

આરોપીઓના વધુ પૂછપરછ માટે કોર્ટમાંથી આઠ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. રિમાન્ડ દરમિયાન પોલીસે બંને આરોપીઓને તેઓ ઘટનાથી પહેલા અને બાદમાં જ્યાં-જ્યાં ગયા હતા તે સ્થળોએ લઈ જઈ સમગ્ર ઘટનાનું રીકન્સ્ટ્રક્શન કર્યું હતું. ગારમેન્ટના વેપારીના ઘર તરફ તેમજ અલગ અલગ પાંચ જગ્યા પર લઈ જવામાં આવ્યા હતા. પોલીસે મુખ્ય આરોપીના મોબાઈલને FSLમાં મોકલી કોલ ડિટેઈલ રેકોર્ડ સહિત અન્ય ટેકનિકલ તપાસ શરૂ કરી છે. મોબાઈલમાંથી ફાયરિંગમાં ઉપયોગમાં લેવાયેલા તમંચો કોની પાસેથી મેળવ્યો હતો તે અંગે મહત્વની માહિતી મળી શકે તેવી શક્યતા હોવાથી તેની પણ તપાસ ચાલી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીઓએ ફાયરિંગમાં ઉપયોગમાં લેવાયેલી બાઈક છત્તીસગઢમાં OLX પરથી રૂ. 7 હજારમાં ખરીદી હતી. ત્યારબાદ તેમાં પેટ્રોલ ભરાવી વડોદરા આવી વેપારી પર ફાયરિંગ કર્યું હતું. ઘટના બાદ બાઈક વડોદરા રેલવે સ્ટેશનના પાર્કિંગમાં મૂકી બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હાલ સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ આગળ ધપાવી રહી છે.

### ફેકલ્ટીના ડીન સામે ૨૦ લાખની ગેરકાયદે ઉઘરાણીનો આરોપ

# કોમર્સમાં એફવાય બીકોમમાં પ્રવેશ કૌભાંડનો આક્ષેપ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં એફવાય બીકોમ.આ પ્રવેશને લઈ મોટો વિવાદ છેડાયો છે. પૂર્વ સેનેટ સભ્ય કપીલ જોષીએ ડીન પ્રો. પ્રજ્ઞેશ શાહ સામે ગંભીર આક્ષેપો કરતો પત્ર જાહેર કરી પ્રવેશ પ્રક્રિયાને 20 લાખનું ગેરકાયદે ઉઘરાણું ગણાવ્યું છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીના પૂર્વ સેનેટ સભ્ય કપિલ જોષીના જણાવ્યા મુજબ એફવાય બીકોમમાં 7 હજાર બેઠકો સામે 10 હજાર વિદ્યાર્થીઓએ જીકાસમાં રૂ. 300 ભરી રજીસ્ટ્રેશન કરાવ્યું. ત્યારબાદ યુનિવર્સિટીએ રૂ. 200ની ફી લઈ અલગથી પ્રવેશ પરીક્ષા લીધી. સવાલ એ છે કે જ્યાં બેઠકો વધુ અને ઉમેદવારો ઓછા છે ત્યાં પરીક્ષા શા માટે? એચએસસી બોર્ડનું પરિણામ વિશ્વાસપાત્ર નથી? આ રીતે આશરે 20 લાખ ઉઘરાવાયા અને ઓછા માર્કવાળાને પ્રવેશ આપી પાછલા બારણે રમત કરવાનો આરોપ છે. આ વર્ષે એફવાય બીકોમ અને એફવાય બીકોમ હોનર્સ એમ બે વિકલ્પો હતા. સ્પષ્ટ માર્ગદર્શનના અભાવે વિદ્યાર્થીઓએ ખોટા ફોર્મ ભર્યા કે ખોટી પરીક્ષા આપી. પરિણામે 70-80% વાળા વિદ્યાર્થીઓ પણ પ્રવેશથી વંચિત રહ્યાના દાખલા છે. પ્રવેશ પરીક્ષામાં 45% થી ઓછા હોય તે ફોર્મ ન ભરી શકે એવી શરત મૂકાઈ છે. તેઓએ દાવો છે કે યુજીસીની ગાઈડલાઈન મુજબ એસસી-એસટી માટે 45%નું ધોરણ લાગુ પડતું નથી. છતાં 15 વર્ષથી SCના 15% અને STની 7% બેઠકો ભરાતી નથી. વળી યુપીએસસી જીપીએસસીમાં એસસી-એસટીની ફી 25% હોય છે, પણ અહીં પૂરા રૂ. 200 લેવાયા, જે ભેદભાવપૂર્ણ છે.

### ચોરીનો માલ ખરીદનાર રીઢો સ્ક્રેપ વેપારી ઝડપાયો

# દાંડીયાબજારમાં BSNLના રૂ.૧.૫૦ લાખના કેબલ ચોરીનો ભેદ ઉકેલાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 વડોદરાના દાંડીયાબજાર વિસ્તારમાં રાત્રિના સમયે પેવર બ્લોક ઉખાડી BSNLના આશરે 130 મીટર કોપર કેબલની ચોરીના ગુનાનો શહેર ક્રાઈમ બ્રાન્ચે ભેદ ઉકેલી લીધો છે. તપાસ દરમિયાન આંધ્રપ્રદેશની ગેંગની સંડોવણી બહાર આવી હતી. ચોરીના કેબલ ખરીદી તેને ઓગાળી નાંખનાર રણોલીના સ્ક્રેપ વેપારી સોનુ બ્રીજરાજ ગુપ્તાની ધરપકડ કરી પોલીસે રૂ.1.51 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. રાવપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દાંડીયાબજાર ખાતે અરવિંદ આશ્રમ નજીકથી સીટી ગેસ ઓફિસ સામે અને સયાજી રેડિયો વિસ્તાર સુધી 25 અને 26 જૂન દરમિયાન અજાણ્યા શખ્સોએ પેવર બ્લોક કાઢી ખોદકામ કરીને BSNLના આશરે 130 મીટર કોપર કેબલની રૂ.1.50 લાખની ચોરી કરી હતી. આ અંગે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ક્રાઈમ બ્રાન્ચે સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન માહિતી મળી કે ચોરીના કેબલ રણોલી GIDCમાં સ્ક્રેપનો વેપાર કરતા સોનુ બ્રીજરાજ ગુપ્તાએ ખરીદ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે સોનુ ગુપ્તાની પૂછપરછ કરતાં તેણે સ્વીકાર્યું કે આંધ્રપ્રદેશની ગેંગના સભ્યો બોલેરો પિકઅપમાં આવી કેબલના ટુકડા વેચી ગયા હતા અને તેણે રોકડ તેમજ UPI મારફતે ચુકવણી કરી હતી. બાદમાં કેબલો ઓગાળી નાખ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું. પોલીસે સોનુ ગુપ્તા પાસેથી 101 કિલો ઓગાળેલું તાંબું, 23 કિલો ટેલિફોન વાયરના ટુકડા અને 138 કિલો લેડ મળી રૂ.1.51 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી સામે અગાઉ પણ ચોરીનો મુદ્દામાલ ખરીદવા સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. હાલ આરોપી અને મુદ્દામાલને વધુ કાર્યવાહી માટે રાવપુરા પોલીસને સોંપવામાં આવ્યા છે.

### જિલ્લા મા.-ઉ. મા. સંવર્ગના નવા હોદ્દેદારોની ઘોષણા

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની વડોદરામાં બેઠક મળી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ વડોદરા જિલ્લા અને શહેર ગ્રાન્ટેડ તમામ સંવર્ગના હોદ્દેદારોની બેઠક મુજમહુડા સ્થિત સંવેદના ભવન સામ્રરાજ્ય ખાતે મળી હતી. જેમાં સદસ્યતા અભિયાન અને શિક્ષકોના પ્રશ્નો પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. સંકલન સમિતિ વડોદરાના અધ્યક્ષ રાજેશભાઈ અમીન દ્વારા ઉચ્ચતર માધ્યમિક પ્રાંત મંત્રી ધર્મેશભાઈ જોશીનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજેશભાઈ અમીને વડોદરા જિલ્લા માધ્યમિક સંવર્ગના નવનિયુક્ત હોદ્દેદારોની ઘોષણા કરી હતી. જેમાં વરિષ્ઠ ઉપાધ્યક્ષ તરીકે રામાભાઈ રોહિત, ઉપાધ્યક્ષ તરીકે અરવિંદભાઈ શનાલાલ ગાંધી અને સહ સંગઠન મંત્રી તરીકે રઘુવીર પુનાભાઈ પરમારના નામ જાહેર કરાયા હતા. ઉપરાંત વડોદરા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક સંવર્ગમાં મહિલા સહમંત્રી તરીકે જલ્પાબેન દાવરીયાની નિયુક્તિ કરાઈ હતી. તમામ નવનિયુક્ત હોદ્દેદારોને ભગવાખેશથી સન્માનિત કરી મહાસંઘ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બેઠકમાં સંકલન સમિતિના સંગઠન મંત્રી આચાર્ય સુનિલ પઢિયાર દ્વારા સદસ્યતા અભિયાન અને ગુરુપૂર્ણિમા ઉત્સવ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

# નશાખોરોને અટકાવવા જતા યુવક પર જીવલેણ હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ મૂળ ઝારખંડનો રહેવાસી અને હાલ લાલબાગ બ્રિજ નીચે પીએસપી કોલોનીમાં રહી મજૂરીકામ કરતો રાજુરામ પોતાના રૂમમાં હતો. તે દરમિયાન નજીકના રૂમમાં રહેતા કેટલાક શખ્સો ગેરકાયદેસર રીતે ગાંજાનું વ્યસન કરી રહ્યા હતા. રાજુરામે જ્યારે તેમને ત્યાં નશો ન કરવા માટે વિનંતી કરી અને સમજાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નશામાં ધૂત આ શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. વિવાદ વધતા પાડોશમાં રહેતા ચારથી પાંચ શખ્સો એકઠા થઈ ગયા હતા. તેમણે રાજુરામ સાથે ઝઘડો કરી તીક્ષ્ણ હથિયારો અને લોખંડના સળિયા વડે તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં રાજુરામના માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયો હતો. આસપાસના લોકો દોડી આવતા હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

### VMC નો ડ્રેનેજ પ્લાન, વર્ષો જૂની સમસ્યા, નવા 'જુગાડ'

# ડ્રેનેજનું 'ભગીરથ' આયોજન, ચોમાસું આવે ત્યારે જ વહીવટી તંત્ર કેમ જાગે છે !

**૭૪ પંપિંગ સ્ટેશન** છતાં પણ 'બેકવોટર'નો ભય યથાવત, શું પાલિકા પાસે કાયમી ઉકેલ છે કે માત્ર 'ટ્રોલી-માઉન્ટેડ' ડી.જી. સેટનો આશરો ?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ વડોદરા મહાનગરપાલિકાના ઈલેક્ટ્રિક-મિકેનિકલ સુવેઝ વિભાગે ચોમાસાના આગમન સાથે જ જાણે 'મિશન મોડ' પર આવી ગયું હોય તેમ ૭૪ પંપિંગ સ્ટેશનો પર વિશેષ કામગીરીનો દાવો કર્યો છે. દર વર્ષે ચોમાસામાં શહેર 'બેકવોટર' અને ડ્રેનેજની ગંદકીમાં ગરકાવ થાય છે, ત્યારે આ વર્ષે પાલિકાએ ૧૨ સ્થળોએ બાયપાસ અને ૧૯ સ્થળોએ નવા પંપ મુકવાની વાત કરી છે. પરંતુ પ્રશ્ન એ છે કે, શું આ તૈયારીઓ છે કે માત્ર કાગળ પરનું 'ડાયવર્ઝન' ? પાલિકા તંત્રનું કહેવું છે કે હવે ડ્રેનેજના પાણીને નદી કે કાંસમાં ડાયવર્ટ કરાશે. નવાઈની વાત તો એ છે કે, જો આટલી બધી વ્યવસ્થા હોવા છતાં દર વર્ષે રસ્તાઓ પર ગંદુ પાણી કેમ વહે છે ? ૨૧૫ HP ના તોતિંગ પંપ લગાવીને પાલિકા પોતાની પીઠ થપથપાવે છે, પરંતુ જ્યારે ડ્રેનેજ નેટવર્ક પોતે જ ક્ષમતા વગરનું હોય, ત્યારે આ મશીનો માત્ર શોભાના ગાંઠિયા જ સાબિત થવાના છે કે કેમ, તે તો આવનારા વરસાદમાં જ સ્પષ્ટ થશે. પાવર ફેલ્યોર સામે પાલિકા ૨૧ મુવેબલ ડી.જી. સેટની વાત કરે છે. આ આધુનિક યુગમાં, જ્યારે શહેર સ્માર્ટ બનવાનો દાવો કરે છે, ત્યારે આજે પણ આપણે ડ્રેનેજ પંપ ચલાવવા માટે 'ટ્રોલી-માઉન્ટેડ' જનરેટર પર નિર્ભર રહેવું પડે છે !

શું આ સ્માર્ટ સિટીનું આયોજન છે કે પછી સિસ્ટમની નિષ્ફળતા છુપાવવાનો એક પ્રયાસ ? સુવેઝ વિભાગની ટીમ ૨૪ કલાક મોનિટરિંગ રાખશે તેવી જાહેરાત કરવામાં આવી છે. જો આ ટીમ આટલી સક્રિય હોય, તો પછી ગલીએ-ગલીએ ડ્રેનેજ ઉભરાવવાની ફરિયાદ કેમ રહે છે ? કદાચ, પાલિકાના આ 'હાઈ-કેપેસિટી' પંપ કરતા શહેરના નાગરિકોની ધીરજની ક્ષમતા વધુ હશે, જે દર વર્ષે આ જ આયોજનના નામે સબૂરી રાખે છે. વડોદરાની જનતા હવે એ જોવા આતુર છે કે પાલિકાનું આ 'પ્રી-મોન્સૂન' આયોજન ખરેખર ગટરોના ગંદા પાણીથી રાહત આપશે કે પછી માત્ર પ્રેસ નોટમાં જ છપાયેલું રહેશે ?

### છાણી જકાતનાકા નજીકથી ધરપકડ

# NDPS કેસમાં ૭ માસથી ફરાર ગાંજાના સપ્લાયરને ઝડપી પડાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬ વડોદરા શહેરને નશામુક્ત બનાવવા માટે ચાલી રહેલી ઝુંબેશ વચ્ચે શહેર એસ.ઓ.જીએ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસમાં છેલ્લા સાત મહિનાથી વોન્ટેડ ગાંજાના સપ્લાયરને ઝડપી પાડ્યો છે. સુરતમાં રહેતો અને મૂળ મહીસાગર જિલ્લાના કડાણા ગામનો રહેવાસી હરીશ ઉર્ફે કાંતી માછીની છાણી જકાતનાકા નજીકથી ધરપકડ કરી તેને વધુ કાયદેસરની કાર્યવાહી માટે સમા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી પર અંકુશ લાવવા પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ શહેર એસ.ઓ.જી. દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત NDPS કેસોમાં ફરાર આરોપીઓને શોધી કાઢવા ખાસ ટીમો કાર્યરત છે. તપાસ દરમિયાન એસઓજીને મળેલી બાતમીના આધારે સમા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2025માં નોંધાયેલા NDPS કેસમાં વોન્ટેડ જાહેર કરાયેલા હરીશ ઉર્ફે કાંતી મહેશ માછીની છાણી જકાતનાકા સર્કલ પાસે બાબા પાનની દુકાન પરથી ધરપકડ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 24 નવેમ્બર, 2025ના રોજ સમા વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી 725 ગ્રામ ગાંજો સહિત કુલ રૂ.46,250નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કેસમાં એક આરોપીની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ગાંજાનો સપ્લાયર હરીશ ઉર્ફે કાંતી ફરાર થઈ ગયો હતો અને ત્યારથી તે પોલીસને વોન્ટેડ હતો. એસઓજીએ આરોપીની ધરપકડ કરી જરૂરી કાર્યવાહી બાદ તેને વધુ તપાસ માટે સમા પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. હવે કેસમાં તેની પૂછપરછના આધારે નશીલા પદાર્થોના સપ્લાય નેટવર્ક અંગે વધુ માહિતી બહાર આવે તેવી શક્યતા છે.

**સલાહ** , ગંભીર રોગનો સંકેત પણ હોઇ શકે છે : પોસ્ટ-વાયરલ ઇન્ફ્લેમેશન સહિત અનેક કારણો જવાબદાર હોઈ શકે

# મહિના સુધી કફ-ઉધરસ રહે તો ચેતી જાઓ! ઋતુગત તકલીફ માનીને અવગણશો નહીં: ડૉ. હિમાંશુ ઠક્કર



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 બદલાતી ઋતુ સાથે શરદી, કફ અને ઉધરસના દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. પ્રખ્યાત કાન-નાક-ગળાના સર્જન (ENT Surgeon) અને 25 વર્ષથી વધુનો અનુભવ ધરાવતા ડૉ. હિમાંશુ જગદીશચંદ્ર ઠક્કર જણાવે છે કે છેલ્લા કેટલાક મહિનાઓથી ઘણા દર્દીઓ એકથી બે મહિના કે તેથી વધુ સમય સુધી સતત કફ અને ઉધરસની ફરિયાદ સાથે સારવાર માટે આવી રહ્યા છે. અનેક દવાઓ અને પ્રાથમિક તપાસ છતાં રાહત ન મળવી એ ગંભીર કારણો તરફ સંકેત આપી શકે છે.

ડૉ. ઠક્કરના જણાવ્યા અનુસાર, લાંબા સમય સુધી રહેતી ઉધરસ પાછળ વાયરલ અથવા બેક્ટેરિયલ ચેપ, ઋતુજન્ય એલર્જી, સાઈનસની સમસ્યા, પોસ્ટ-નેઝલ ડ્રિપ, કફ વેરિયન્ટ અસ્થમા, એસિડ રિફ્લક્સ (GERD), કેટલીક દવાઓની આડઅસર, ધૂળ-ધુમાડો, વાયુ પ્રદૂષણ અને ધુમ્રપાન જેવા અનેક કારણો હોઈ શકે છે.

તાજેતરના સમયમાં પોસ્ટ-વાયરલ ઈન્ફ્લેમેશન પણ લાંબી સૂકી ઉધરસનું મહત્વનું કારણ બની રહ્યું છે. તેઓ જણાવે છે કે આધુનિક જીવનશૈલી, જંક ફૂડ, અનિયમિત ભોજન, વધુ ખાંડવાળા ઠંડા પીણાં અને રાત્રે મોડું જમવાની ટેવ એસિડ રિફ્લક્સ વધારીને ઉધરસને લાંબી ખેંચી શકે છે. સાથે જ ડૉક્ટરની સલાહ વિના કફ સિરપ અથવા એન્ટિબાયોટિક્સ લેવાની ટેવ નુકસાનકારક સાબિત થઈ શકે છે અને એન્ટિબાયોટિક રેઝિસ્ટન્સ જેવી ગંભીર સમસ્યાઓ સર્જી શકે છે.ગરમ પાણીમાં મીઠાના કોગળા કરવા, પૂરતું પાણી પીવું, દિવસમાં બે-ત્રણ વખત વરાળ લેવી, નાકમાં સેલાઈન સ્પ્રેનો ઉપયોગ કરવો, ધૂળ-ધુમાડો અને એલર્જીકારક વસ્તુઓથી દૂર રહેવું, જંક ફૂડ અને ઠંડા પીણાં ટાળવા તેમજ ધુમ્રપાનથી સંપૂર્ણ દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. ઉધરસ દરમિયાન માસ્ક પહેરવો પણ લાભદાયી છે. આ લક્ષણો હોય તો તરત જ નિષ્ણાતનો સંપર્ક કરો જો ઉધરસ ત્રણથી આઠ અઠવાડિયા કરતાં વધુ સમય રહે, લોહી આવે, શ્વાસ લેવામાં તકલીફ થાય, સતત તાવ રહે, રાત્રે વધુ પરસેવો આવે, અચાનક વજન ઘટે અથવા ઉધરસના કારણે ઊંઘ અને દૈનિક જીવન પ્રભાવિત થતું હોય તો વિલંબ કર્યા વગર નિષ્ણાત ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. ડૉ. હિમાંશુ ઠક્કરનું કહેવું છે કે લાંબા સમય સુધી ચાલતી કફ-ઉધરસને સામાન્ય ઋતુગત તકલીફ માનીને અવગણવી નહીં.

સમયસર યોગ્ય નિદાન, તબીબી માર્ગદર્શન, સંતુલિત આહાર અને સ્વસ્થ જીવનશૈલી દ્વારા અનેક ગંભીર રોગોને શરૂઆતના તબક્કામાં જ ઓળખીને અસરકારક સારવાર શક્ય બને છે.

# પીએમશ્રી શાળાઓમાં ચિત્ર, સંગીત, સ્પોર્ટ્સ કોચની ભરતી શરૂ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે પીએમશ્રી યોજના હેઠળ રાજ્યની 426 સરકારી શાળાઓમાં સ્પેશિયાલિસ્ટ શિક્ષકોની કરાર આધારિત ભરતી શરૂ કરી છે. ચિત્રકલા, સંગીત, નૃત્ય, રમતગમત સહિતના વિષયો માટે રિસોર્સ પર્સન અને સ્પોર્ટ્સ કોચની નિમણૂક કરવામાં આવશે. ઉમેદવારોને માર્ચ-2027 સુધી મહત્તમ 100 દિવસ કામ મળશે અને પ્રતિદિન રૂ. 864 વળતર ચૂકવાશે. રસ ધરાવતા ઉમેદવારોએ આગામી 7 દિવસમાં સંબંધિત પીએમશ્રી શાળામાં અરજી કરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રહે તે માટે પસંદગીની જવાબદારી સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (એસએમસી)ને સોંપાઈ છે. વડોદરા શહેરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય, કવિ પ્રેમાનંદ અને કવિ દુલા કાગ પ્રાથમિક શાળાઓ સહિત અંદાજે 10 શાળાઓ આ યોજનામાં સમાવિષ્ટ છે. યોજનાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કલા, સંસ્કૃતિ અને રમતગમતનું સ્તર વધુ મજબૂત બનાવવાનો છે.

### વિદ્યાર્થીઓના જીવ જોખમમાં

# MSU કેમ્પસમાં રેસર બાઈકને પુરપાટ દોડાવી ધ્વનિ પ્રદુષણ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.6 વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કેમ્પસમાં એક યુવક દ્વારા રેસર બાઈકને પુરપાટ દોડાવી ઘોંઘાટ કરી અન્ય વિદ્યાર્થીઓમાં ભયનું વાતાવરણ ઉભું કર્યું હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વિડીયોમાં યુવક ગફલતભરી રીતે બાઈક હંકારતો નજરે પડે છે, જેનાથી કેમ્પસમાં હાજર અન્ય વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયા હતા.

વાયરલ વિડીયોમાં સ્પષ્ટ દેખાય છે કે યુવકની રેસર બાઈકનું સાયલેન્સર પણ ખૂબ જ મોટો અવાજ કરી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અવાજ કરતા સાયલેન્સર ધરાવતા વાહનો સામે કડક કાર્યવાહી કરી સાયલેન્સર કાઢી નાખવામાં આવે છે. આ ઘટના બાદ વિદ્યાર્થી આલમમાં ભારે ગણગણાટ ઊભો થયો છે.

વિદ્યાર્થીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, શૈક્ષણિક સંકુલમાં આ રીતે જાહેરમાં સ્ટંટ કરી અન્યોના જીવ સાથે ચેડા કરનાર રેસર બાઈક સવાર વિરુદ્ધ પોલીસ કે યુનિવર્સિટી તંત્ર કોઈ કાર્યવાહી કરશે કે કેમ? એમએસયુ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાના કેમ્પસમાં આવી ઘટના બનતા સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઊભા થયા છે. હાલ તો આ વાયરલ વિડીયોને લઈને વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.